# ન્યુ વાવોલમાં રોડના નિર્માણમાં બેદરકારીથી ભારે હાલાકી









ગાંધીનગર, તા.૨૯

બે દિવસથી સામાન્ય વરસાદ સાથે શરુ થયેલા ચોમાસાને પગલે શહેરના વોર્ડ નં.૭માં ટીપી-૧૩માં સમાવિષ્ટ ન્યુ રોડના અધૂરાં મૂકી દેવાયેલા કાર્યને કારણે સોસાયટીના રહીશો માટે અત્યંત વિકટ પરિસ્થિતિ સર્જાવા પામી છે. ચોમાસું બેસે તે અગાઉથી જ વિવિધ સ્તરે અનેક રજૂઆતો કરવા છતાં જવાબદાર તંત્ર દ્વારા દાખવવામાં આવેલી બેદરકારીના કારણે શિવમ સોસાયટીના વસાહતીઓ માટે આજે જોખમી પરિસ્થતિનું નિર્માણ થવા પામ્યું છે જેના કારણે વસાહતીઓમાં આક્રોશની લાગણી પ્રસારવા પામી છે.

### સાવ નબળા કાર્યવાળા રોડ પર વધુ એક ટ્રક ફસાઇ..!!

ન્યુ વાવોલમાં કુંજ હાઈટ્સથી શિવમ સોસાયટી સુધીના રોડ પર અનેક ભુવા પાડવા પામ્યાં છે જેના કારણે રોડના કામની તદ્દન નબળી ગુણાવત્તા સામે આવી છે. આ સ્થિતિમાં ગઈ કાલે રાત્રે એક ટ્રક રોડ બેસી જવાને કારણે ફસાઈ જવા પામી હતી જેને આજે સવારે માંડ માંડ બહાર કાઢવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે અગાઉ થોડા દિવસો પહેલાં જ કુંજ હાઈટ્સ સામે એક મોટી ટ્રક આ રીતે ફસાઈ હતી અને ફરી આ ટ્રક ફસાવાને કારણે આ વિસ્તારના વાહનચાલકોમાં ફફડાટ સર્જાયો છે.

વાવોલમાં ફરી એકવાર ભુવાઓ પડવાની સમસ્યા સર્જાઇ છે. આ સાથે શિવમ સોસાયટીના ગેટ આગળ જ છેલ્લાં આશરે ૧૫ દિવસથી તંત્રની બેદરકારીના કારણે એક તરફ મસમોટો ખાડો સર્જાયેલો છે અને બીજી તરફ

શહેરના ન્યુ વાવોલ વિસ્તારમાં પાઈપલાઈન અને ગટરલાઈનના કાર્યો બાદ અપુરતા માટી પુરાણ તેમજ સુધીના માર્ગ પર રોડ બનાવાના બાકી કામ સહિત ખોદકામ કરીને અધુરાં મુકી દેવાયેલા કાર્યને કારણે આ વિસ્તારના નાગરિકો હાલાકીનો સામનો કરી રહ્યાં છે.

### ટીપી-૧૩માં શિવમ સોસાયટીના ગેટ આગળ જ છેલ્લાં ૧૫ દિવસથી જોખમી ખાડો : અનેક રજૂઆતો છતાં પરિસ્થિતિ જેમની તેમ : સોસાયટીના રહીશોને આવનજાવનમાં ભારે મુશ્કેલી : તંત્રની બેદરકારી અને વરસાદે રહીશો માટે દયનીય સ્થિતિ સર્જી

રોડરસ્તાના અધુરાં અને નબળાં કાર્યોને પગલે કફોડી સ્થિતિ સર્જાવા પામી છે અને વાહનચાલકોથી માંડીને રાહદારીઓ માટે મુશ્કેલ સ્થિતિનું નિર્માણ થયું છે. અત્રે ઉલ્લેખનીય છે કે ન્યુ વાવોલમાં લાંબા સમયથી ચાલતાં અને વિલંબિત અધુરાં રહેલાં વિકાસ કાર્યોને પગલે નાગરિકોને પારાવાર મુશ્કેલી અનુભવાઈ રહી છે જેમાં ખાસ કરીને દિયા ગ્રીન્ઝ પાર્ટી પ્લોટથી માંડીને શિવમ્ રેસિડેન્સી અનેક રજૂઆતો બાદ દિયા ગ્રીન્ઝ પાર્ટી પ્લોટથી માંડીને શિવમ્ રેસિડેન્સી સુધીના માર્ગ પર ગુડા દ્વારા ટેમ્પરરી રોડ બનવવાનું કાર્ય આશરે પંદરેક દિવસ પહેલાં શરુ કરાયું હતું. આ કાર્ય દરમ્યાન નવનિર્મિત શિવમ સોસાયટીના ગેટ આગળ જ જેસીબી મશીનના ઓપરેટરની ભૂલના કારણે નર્મદાના પાણીની પાઈપલાઈન બે વાર તૂટી જતા કફોડી સ્થતિ સર્જાઈ હતી. આ આ કારણે શિવમ રેસીડેન્સી સોસાયટીના ગેટ આગળ જ મોટો ખાડો રહી જવા પામ્યો છે જેમાં રોજ સવારે નર્મદાના હજારો લિટર પાણીનો વેડફાટ પણ થાય છે જે અંગે સોસાયટીના રહીશો દ્વારા વારંવાર ધ્યાન દોરવા છતાં આ પરિસ્થિતિનો કોઈ ઉકેલ લાવવામાં આવ્યો નથી. આ પાણીના કારણે રોડ બનાવવાનું કાર્ય પણ અધૂરું છોડી દેવા હતા સોસાયટીના રહીશો માટે "બાવાના બેય બગડ્યા"ની જેમ અત્યંત કફોડી સ્થિતિ સર્જાઈ છે. સોસાયટીના ગેટ બહાર એક તરફ ખાડો છે જ્યારે બીજી તરફ રોડ માટે ઊંડાણથી ખોદેલું છે જેમાં કપચી સાથેનું કાચા રોડનું મટીરીયલ નાખવામાં આવેલું છે જે પણ ઉખડી જવાને કારણે વાહન ચાલકોને અત્યંત મુશ્કેલી પડી રહી છે. શિવમ રેસીડેન્સીના વસાહતીઓ માટે "એક તરફ કુવો એક તરફ ખાઈ" જેવી સ્થિતિ સર્જાઈ છે જેના કારણે સોસાયટીના રહીશોમાં આક્રોશ પ્રવર્તી રહ્યો છે. અધૂરામાં પૂરું હોય તેમ આ બે દિવસના સામાન્ય વરસાદમાં સોસાયટીની આસપાસ અસંખ્ય ભુવા પડી જવા પામ્યા છે. એક તરફ ચોમાસાની ઋતુ જામી રહી છે ત્યારે જો વધુ પડતો વરસાદ પડશે તો સોસાયટીના રહીશોનું બહાર નીકળવું મુશ્કેલ બની જશે અને આ સોસાયટી શહેરથી વિખુટી પડી ગઈ હોય તેવી સ્થિતિ સર્જાઈ શકે છે. સત્વરે આ માર્ગ પર વૈકલ્પિક ધોરણે સોસાયટીના રહીશો સરળતાથી આવનજાવન કરી શકે તેવી વ્યવસ્થા કરવાની તાતી જરૂર છે અને બાકી કાર્યોને પણ ઝડપથી અગ્રતાક્રમે પુરાં કરાય તેવી રહીશોમાં માંગ પ્રવર્તી રહી છે.

### જેસીબીથી નર્મદાની પાઈપલાઈન તૂટવાથી પાણીના વેડફાટ સાથે જોખમી સ્થિતિ

વોર્ડ નં. ૭માં સમગ્ર વાવોલ વિસ્તારમાં નવા રોડ બનાવી દેવાયા હતા પરંતુ કેટલાક કારણોસર માત્ર દિયા ગ્રીન્ઝ પાર્ટી પ્લોટથી માંડીને શિવમ્ રેસિડેન્સી સુધીનો રોડ બનાવવાનો જ બાકી રખાયો હતો. આ વિસ્તારના અનેક અગ્રણીઓની રજૂઆત બાદ કમોસમી વરસાદ પછી માંડ ટેમ્પરરી રોડનું કામ શરુ કર્યું જેમાં શિવમ સોસાયટીના ગેટ આગળ જ જેસીબી મશીનથી નર્મદાના પાણીની પાઈપલાઈન બબ્બેવાર તૂટી જતા પાણીનો વેડફાટ તો શરુ થઈ ગયો પરંતુ તે સાથે તેને રીપેર કરવા મોટો ખાડો ખોદી નાખ્યો જે પણ હજુ જેમનો તેમ છે અને તેના કારણે સોસાયટીના વસાહતીઓ માથે અકસ્માતનું જોખમ તો ઉભું થયું અને દરરોજ સવારે હજારો લીટર પાણીનો વેડફાટ પણ થઈ રહ્યો છે. આ અંગે પણ અનેકવાર તંત્રના જવાબદાર વ્યક્તિઓનું ધ્યાન દોરવા છતાં કોઈને કાંઈ પડી ના હોય તેવી સ્થિતિ અનુભવાઈ રહી છે.

## ગ્રામીણ ટપાલ જીવન વીમાના એજન્ટો માટે વોક-ઈન-ઈન્ટરવ્યૂનું આયોજન

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર ડિવિઝન અંતર્ગત સીનિયર સુપ્રિટેન્ડન્ટ ઓફ પોસ્ટ ઓફિસની કચેરી દ્વારા રોજગાર વાંછુક યુવાનો માટે ગ્રામીણ ટપાલ જીવન વીમાના એજેંટ બનવા માટેની સોનેરી તક ઉભી કરાઈ છે.

આ માટે ગાંધીનગરના સેક્ટર-૧૧માં સીનિયર સુપ્રિટેન્ડન્ટ ઓફ પોસ્ટ ઓફિસની કચેરી ખાતે તા.૦૪.૦૭.૨૦૨૩(મંગળવાર), તા.૦૫,૦૭,૨૦૨૩(બુધવાર) તથા તા.૦૬.૦૭.૨૦૨૩(ગુરૂવાર)ના રોજ સવારે ૧૧.૦૦થી બપોરના ૧૩.૦૦ કલાકે વોક-ઇન-ઇન્ટરવ્યૂનું આયોજન કરાયું છે. ગાંધીનગર ડિવિઝનના સીનિયર સુપ્રિટેન્ડન્ટ ઓફ પોસ્ટ ઓફિસની કચેરીની અખબારી યાદીમાં જણાવ્યા અનુસાર ગ્રામીણ ટપાલ જીવન વીમાના એજેંટ બનવા માટે રસ ધરાવતા ઉમેદવારો "વોક-ઇન-ઇન્ટરવ્યૂમાં હાજર રહી શકશે જેમાં ઉમેદવારોએ પોતાના બાયો-ડેટાની સાથે પાસપોર્ટ સાઇઝનો ફોટા નંગ-૨, ઉંમરનું પ્રમાણપત્ર, શૈક્ષણિક લાયકાતના સર્ટિફિકેટ, આધાર કાર્ડની નકલ, અન્ય આવશ્યક સર્ટિફિકેટ અને અનુભવ ( જો કોઈ હોય તો તે ) બાબતના દાખલા ઓરિજિનલ તેમજ દરેકની ખરી નકલ સાથે લાવવાના રહેશે તેવું જણાવાયું છે.

ગ્રામીણ ટપાલ જીવન વીમાના એજેંટ બનવા માટે ઉમેદવારની યોગ્યતાની શરતોમાં લાયકાતમાં ધોરણ ૧૦મું પાસ હોવું જોઈશે, તેની ઉંમર ૧૮થી ૫૦ વર્ષ સુધીની હોવી જોઈશે અને પાત્રતા ધરાવતા વર્ગોમાં બેરોજગાર, સ્વરોજગાર યુવાનો, આંગણવાડી કાર્યકરો, મહિલા મંડળ કાર્યકરો, સ્વ સહાય જૂથના કાર્યકરો, એસ.એચ.જી., એક્સ સર્વિસમેન, નિવૃત શિક્ષકો, પંચાયત સંચાર સેવા કેન્દ્ર એજેંટ અથવા ઉપરોક્ત લાયકાત ધરાવતા કોઈપણ ઈચ્છુક વ્યક્તિનો સમાવેશ કરાયો છે. ઉમેદવારોમાં માર્કેટિંગ પ્રોડક્ટ વેચવાનો અનુભવ ધરાવતા, કોમ્પયુટરની જાણકારી ધરાવતા, સ્થાનિક ક્ષેત્રની જાણકારી ધરાવતા ઉમેદવારોને પ્રાથમિકતા અપાશે પરંતુ અન્ય કોઈ પણ લાઈફ ઈન્સ્યોરન્સ કંપનીમાં એજેંટ તરીકે કામ કરતાં એજેંટને પીએલઆઈ કે આરપીએલઆઈની એજન્સી મળવાપાત્ર નથી. આ સાથે જે લોકોની પસંદગી એજેંટ તરીકે થશે તેમણે રૂ ૫૦૦૦/- ના NSC/ KVP સિક્યોરિટી ડિપોજિટ તરીકે મૂકવાના રહશે તેની નોંધ લેવા પણ અખબારી યાદીમાં જણાવાયું છે.

## બેંક ઓફ ઈન્ડિયાએ ડોક્ટર દિવસની આગોતરી ઉજવણી કરી



ગાંધીનગર, તા. ૨૯

આગામી તા.૧લી જુલાઈ ૨૦૨૩ના રોજ રાષ્ટ્રીય ડોક્ટર દિવસ ઉજવાશે. આ નિમિત્તે બેંક ઓફ ઈન્ડિયા ગાંધીનગર ઝોને ગઈકાલે તા.૨૮મી જુનના રોજ "ડોક્ટર્સ ડે" ઉજવ્યો હતો. આ પ્રસંગે ગાંધીનગર ઝોનના ઝોનલ મેનેજર મનીષકુમાર ફુલરે, ડેપ્યુટી ઝોનલ મેનેજર બી. વી. ચાવડા, ચેરમેન જીસ્ઈ ગાંધીનગર પૂર્ણેશ બક્ષી, માર્કેટિંગ ઓફિસર ચિરાગ શર્મા, નજીકની શાખાના બ્રાન્ચ મેનેજર અને ગાંધીનગર જિલ્લાના ડૉક્ટર સમુદાયે આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. આ કાર્યક્રમમાં સુમિત ભાટીએ તેમની આગવી શૈલીમાં તમામ ડોકટરોનું સ્વાગત કર્યું હતું અને સમાજ પ્રત્યેની શ્રેષ્ઠ સેવાઓ બદલ તેમનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો. બેંક ઓફ ઈન્ડિયા સંબંધોની થાપણોની ટેગ લાઈનને અર્થ આપતાં, ઈન્ડિયન મેડિકલ એસોસિએશન, ગાંધીનગરના પ્રમુખ બંકિમ મોદીજીના જન્મદિવસની પણ ઉજવણી કરવામાં આવી હતી અને આ કાર્યક્રમમાં તેમના સહકાર બદલ દરેકનો આભાર માન્યો હતો. ઝોનલ મેનેજર મનીષ કુમાર ફુલરેએ ડોકટરો માટે ઉપલબ્ધ તમામ બેંકિંગ ઉત્પાદનો વિશે માહિતી આપી હતી, ત્યારબાદ ચિરાગ શર્મા અને પૂર્ણેશ બક્ષીએ પ્રેઝન્ટેશન દ્વારા વિસ્તૃત માહિતી આપી હતી. સ્ટાર યુનિયન ડાઈચેસ વિનય શાહ અને તેમની ટીમે ઈન્સ્યોરન્સનું મહત્વ સમજાવતી તમામ ઈન્વેસ્ટમેન્ટ પ્રોડક્ટ્સ વિશે સંપૂર્ણ માહિતી શેર કરી હતી અને આ પ્રોડક્ટ્સનો લાભ લેવા અપીલ કરી હતી.

## ઈન્ફોસિટી કલબ પાસે વી કેર યોગા ફાઉન્ડેશનનું વૃક્ષારોપણ



ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગરમાં આજે વી કેર યોગા ફાઉન્ડેશન દ્વારા ઈન્ફોસિટી કલબ પાસે વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં ગાંધીનગરના ધારાસભ્ય રીટાબેન પટેલ, મેયર હિતેશભાઈ મકવાણા, ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલ વગેરેએ ઉપસ્થિત રહીને વૃક્ષારોપણ કર્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે વી કેર યોગા ફાઉન્ડેશન દ્વારા ઈન્ફોસિટી કલબ પાસે આયોજિત વૃક્ષારોપણના કાર્યક્રમ માટે બી. કે. ભાવસાર, ભરતભાઈ, યોગેશભાઈ, રિંકુ, એ. કે. પટેલ, વી. કે. ભાવસાર, અમરતભાઈ, બક્ષીભાઈ, એમ. આર. ગુપ્તા, મનીષભાઈ, કે પી સિંહ, ગોવિંદ પટેલ, પી. એમ. દવે વગેરેના આર્થિક યોગદાનથી આ કાર્ય કરવામાં આવ્યું છે.

અગાઉ આ જગ્યાએ ગાંડા બાવળનું જંગલ હતું જેને હટાવી આ જગ્યાને શહેરના પર્યાવરણમાં ઉપયોગી થઈ શકે તેવી બનાવાઈ અને વૃક્ષારોપણ કરવા સાથે વાવેલા રોપાઓનું જતન કરવાનો નિર્ધાર પણ કરવામાં આવ્યો છે.

## શેરથાના સેવાયજ્ઞથી અરવલ્લીની ગિરીમાળાઓ દિવ્ય પ્રકાશથી ઝળહળી

### અંબાજી અને પાલનપુર વચ્ચે પહાડોની કોતરમાં વિરમપુર નજીક શેરથાના વતની ''દાદા''એ ૨૫ વર્ષથી સેવાનો ભેખ ધારણ કર્યો છે, ભણતર, ગણતર, ભોજન, તબીબી સેવા અને કપડાં નિઃશુલ્ક પછાત લોકો માટે ઉપલબ્ધ કરાવી પોતાની જાતને સમર્પિત કરેલ છે, માહિતી વિભાગમાંથી રિટાયર્ડ પછી સેવાકીય પ્રવૃત્તિ અપનાવી

ગાંધીનગર, તા. ૨૯

અંબાજી અને પાલનપુર વચ્ચે પહાડોની કોતરમાં વિરમપુર નજીક આદિવાસી સમાજને શિક્ષીત બનાવવા શેરથા ગામના વતની ''દાદા''એ છેલ્લા ૨૫ વર્ષથી સેવાયજ્ઞ હાથ ધર્યો છે. આ વિસ્તારના ૩૦ કિ.મી.માં રહેતા પછાતવર્ગને તમામ સુવિધાઓ નિઃશુલ્ક ઉપલબ્ધ કરાવવા આ દાદાએ ત્યાં સંવેદના ટ્રસ્ટ બનાવી સેવાકીય પ્રવૃત્તિઓ કાર્યરત રાખી છે. આદિવાસી અને ગરીબ વર્ગ માટે પોતાની જાતને સમર્પિત કરી સુધારણા માટે અથાગ પરિશ્રમ કરે છે. ગાંધીનગરના શેરથા ગામે જન્મેલા હસમુખભાઈ રણછોડદાસ પટેલ સરકારના માહિતી વિભાગમાં ફરજ બજાવી નિવૃત્ત થયા હતા. પછાત વિસ્તારના ગરીબ આદિવાસી લોકોને



મૂળભૂત જરૂરિયાત મળી રહે અને સ્વમાનભેર પોતાનું જીવન જીવી શકે તે પ્રકારે સેવા કરવાના મૂળભૂત હેતુથી તેઓ અરવલ્લીની ગિરીમાળાઓ વચ્ચે કોતરોમાં પોતાનો સેવાયજ્ઞ શરૂ કરી દીધો હતો. દરમ્યાન તેમનો પુત્ર અમેરીકામાં ડૉક્ટર છે અને તેઓ પણ અમેરીકાનું ગ્રીનકાર્ડ ધરાવે છે છતાં એશો-આરામની જીંદગી છોડી તેઓ ગરીબોની સેવાને પ્રાધાન્ય આપી રહ્યા છે. પાલનપુરથી ૨૫ કિ.મી. અને અંબાજીથી ૨૮ કિ.મી. વચ્ચે વિરમપુર ગામ નજીક સંવેદના ટ્રસ્ટ થકી શાળા કાર્યરત છે. જેમાં આદિવાસી વિસ્તારના ૩૦૦ બાળકો અભ્યાસ કરે છે. વધુમાં આ ટ્રસ્ટ કેળવણી વિચારો, બ્યુટીપાર્લર, નૃત્ય સંગીત વગેરેની શિબિર પણ થાય છે. અભ્યાસ કરતા બાળકોને ઉચ્ચ શિક્ષણ માટે મદદરૂપ થઈ વિસનગરની સાંકળચંદ કોલેજમાં પ્રવેશ અપાવે છે. આ ટ્રસ્ટ આરોગ્યલક્ષી ગામ મેળા, ધાર્મિક ઉજવણી પણ કરે છે અને વિસનગરથી જ્યોતિ ટ્રસ્ટના સહયોગથી આંખ અંગેનો કેમ્પનું પણ આયોજન થાય છે. દર માસે આ વિસ્તારના ૧૦૦૦થી વધુ દર્દીઓને તબીબી સવલત આપી દવાઓ વગેરે નિઃશુલ્ક આપે છે તેમજ ટ્રસ્ટની ત્રણ એમ્બ્યુલન્સ મોટી બિમારી સમયે ખડેપગે રહી અમદાવાદ, વિસનગર, પાલનપુરમાં પોતાના ખર્ચે સારવાર કરાવે છે. આ ટ્રસ્ટમાં ૧૫૦થી વધુ વિદ્યાર્થીઓને રહેવા અને જમવાની વ્યવસ્થા ઉભી કરાઈ છે. પ્રોફેસર તરીકે નિવૃત્ત થયેલા શીલ્પાબેન આ સેવાયજ્ઞમાં જોડાયેલા છે સાથે વીસ જેટલો સ્ટાફ પણ અહીં કામ કરે છે. ''દાદા''ના હુલામણા નામથી લોકપ્રિય બનેલા હસમુખભાઈની સેવાથી પ્રેરિત થઈ અનેક દાનવીરો અહીં મુલાકાતે આવે છે. હરીયાળા વાતાવરણમાં અહીં સ્વીઝરલેન્ડ હોય તેવો અનુભવ લોકો કરે છે. સરગાસણના સુમનભાઈ પટેલ, રાજુભાઈ પટેલ જેવા સેવાભાવી યુવાનો પણ આ સેવાયજ્ઞમાં સમયાંતરે જોડાય છે. આદિવાસી સમાજના સુધારણા અભિયાનના આ સ્થળને ખુબ જ રમણીય અને આકર્ષક બનાવેલ છે જેથી અનેક ગરીબોનો ઉદ્ધાર થયેલો છે અને તેઓ શિક્ષિત બની આ સેવારથને આગળ ધપાવતા ''દાદા''ને પુર્ણ સહકાર આપી રહ્યા છે.

## સ્પેશિયલ ઓલિમ્પિક્સ વર્લ્ડ સમર ગેમ્સમાં ગાંધીનગરના ખેલાડીઓએ બે મેડલ્સ જીત્યા

### જર્મની ખાતે યોજાયેલ વર્લ્ડ ગેમમાં ગુજરાતના મનોદિવ્યાંગોએ ૧૪ મેડલ મેળવ્યા : વોલીબોલમાં ગાંધીનગરની હિમાની પ્રજાપતિએ ગોલ્ડ મેડલ અને અનુરાગે સિલ્વર મેડલ હાંસલ કરીને શહેરનું નામ ઝળકાવ્યું

ગાંધીનગર, તા. ૨૯

જર્મની ખાતે યોજાયેલ સ્પેશ્યલ ઓલિમ્પિક્સ વર્લ્ડ સમર ગેમ્સ ૨૦૨૩માં ૧૯૦ જેટલા દેશના ૭૦૦૦ કરતાં વધારે સ્પર્ધાકોએ ભાગ લીધો હતો જેમાં ગુજરાતી મનોદિવ્યાંગ રમતવીરોએ ૨ ગોલ્ડ, ૮ સિલ્વર અને ૪ બ્રોન્ઝ મેડલ મળી કુલ ૧૪ મેડલ સાથે આગવું સ્થાન મેળવી જુદી જુદી રમતોમાં પોતાનું કૌશલ્ય દેખાડ્યું હતું. આ રમતવીરોમાં ગાંધીનગરના બે ખેલાડીઓએ પણ મેડલ્સ મેળવ્યા છે, જેમાં વોલીબોલની રમતમાં યુનિફાઈડ પાર્ટનર તરીકે હિમાની પ્રજાપતિએ ગોલ્ડ મેડલ અને વોલીબોલમાં જ યુનીફાઇડ પાર્ટનર તરીકે અનુરાગ નામના ખેલાડીએ સિલ્વર મેડલ હાંસલ કરીને શહેરનું નામ ઝળકાવ્યું છે.

વર્લ્ડ ગેમ્સની શરૂઆત પહેલાં જ વિશ્વભરમાંથી આવેલ જુદા જુદા ડેલિગેશન માટે હોસ્ટ ટાઉન પ્રોગ્રામ ફ્રેક્ફર્ટ શહેર ખાતે યોજાયો હતો જ્યાં ગુજરાતી ગરબાથી બધાના દિલ જીતી વર્લ્ડ ગેમ્સમાં ગુજરાતની ટીમે એન્ટ્રી કરી હતી. ત્યારબાદ ૧૭ જૂને ઓપનિંગ સેરેમની, ભવ્ય ટોર્ચ રન અને આતશબાજી સાથે વર્લ્ડ ગેમ્સનો શુભારંભ થયેલ અને ૧૭ થી ૨૫ જૂન સુધી જુદા જુદા ગ્રાઉન્ડ પર જુદી જુદી સ્પોર્ટ્સ ઈવેન્ટ, કલ્ચરલ પ્રોગ્રામ, હેલ્થ ચેક અપ, યંગ એથ્લેટ જેવા અનેક પ્રોગ્રામ યોજાયાં હતા. ગુજરાત સ્પેશયલ ઓલિમ્પિક્સની લોકડાઉન દરમ્યાન ઓનલાઈન અને ત્યારબાદ જુદા જુદા કેમ્પ દ્વારા આપવામાં આવેલી સતત તાલીમના કારણે ગુજરાતી મનોદિવ્યાંગ રમતવીરોએ વર્લ્ડ ગેમ્સમાં ૨ ગોલ્ડ, ૮ સિલ્વર અને ૪ બ્રોન્ઝ મેડલ મળી કુલ ૧૪ મેડલ સાથે આગવું સ્થાન મેળવી ભારતના રાષ્ટ્ર ધ્વજને ઉચ્ચ સન્માન અપાવ્યું છે. ઉપરાંત ૩ ખેલાડીઓએ ૪ંર અને પંર સ્થાને રહી રીબીન પ્રાપ્ત કરી હતી. આ સાથે ગાંધીનગરના બે ખેલાડીઓએ પણ મેડલ્સ મેળવ્યા છે, જેમાં વોલીબોલની રમતમાં યુનિફાઈડ પાર્ટનર તરીકે હિમાની પ્રજાપતિએ ગોલ્ડ મેડલ અને વોલીબોલમાં જ યુનીફાઇડ પાર્ટનર તરીકે અનુરાગ નામના ખેલાડીએ સિલ્વર મેડલ હાંસલ કરીને શહેરનું નામ ઝળકાવ્યું છે.

**મેડલ વિજેતા ગુજરાતી એથ્લેટ્સ**

જાલમસિંહ સોલંકી(અરવલ્લી),
બાસ્કેટ બોલ - ગોલ્ડ મેડલ

હિમાની પ્રજાપતિ યુનિફાઈડ પાર્ટનર (ગાંધીનગર)
વોલીબોલ - ગોલ્ડ મેડલ

કાજલ બોળીયા (બોટાદ)
બાસ્કેટ બોલ - સિલ્વર મેડલ

લીલા પટેલ (દાહોદ)
બાસ્કેટ બોલ - સિલ્વર મેડલ

રીંકલ ગામીત (સુરત)
હેન્ડ બોલ - સિલ્વર મેડલ

એન્જેલિના પૌસીન (અમદાવાદ)
રોલર સ્કેટિંગ ૧૦૦ મી.
સિલ્વર મેડલ
ઉપરાંત રોલર સ્કેટિંગ રિલેમાં
સિલ્વર મેડલ

અક્ષર પ્રજાપતિ (આણંદ)
રોલર સ્કેટિંગ
સિલ્વર મેડલ

પ્રેમ લાડ (આણંદ)
રોલર સ્કેટિંગ ૩૦૦ મી સિલ્વર મેડલ
ઉપરાંત રોલર સ્કેટિંગ સલોલેમ
બ્રોન્ઝ મેડલ

કિરીટ ચૌહાણ (દાહોદ)
સ્વિમિંગ ફ્રી સ્ટાઈલ
સિલ્વર મેડલ
ઉપરાંત સ્વિમિંગ ૨૫ મી બ્રેસ્ટ સ્ટ્રોક
બ્રોન્ઝ મેડલ

અનુરાગ (ગાંધીનગર)
યુનીફાઈડ પાર્ટનર
વોલીબોલ
સિલ્વર મેડલ

રાધા મચ્છર (મહીસાગર)
ફૂટબોલ
બ્રોન્ઝ મેડલ